ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

International Year of Cooperatives 2025

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 73 ■ અંક : 17 ■ તારીખ : 5, ડિસેમ્બર, 2025 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

## શહેરી સહકારી બેંકો દ્વારા નબળા વ્યક્તિઓને સશક્ત બનાવવાનું પણ લક્ષ્ય હોવું જોઈએ : શ્રી અમિતભાઈ શાહ

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે 10 નવેબર, 2025ના રોજ નવી દિલ્હીમાં વિજ્ઞાનભવન ખાતે નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપરેટિવ બેંક્સ એન્ડ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ. (NAFCUB) દ્વારા આયોજિત શહેરી સહકારી ધિરાણ ક્ષેત્રના આંતરરાષ્ટ્રીય પરિષદ "સહકારી કુંભ 2025"નું ઉદ્દઘાટન કર્યું હતું. આ પરિષદનો "દિલ્હી ઘોષણાપત્ર 2025" શહેરી સહકારી બેંકોના વિસ્તરણ માટે એક રોડમેપ તરીકે કામ કરશે. કો-ઓપ કુંભ- 2025 દરમિયાન, આ ક્ષેત્રમાં ઘણી શક્યતાઓનો ઉપયોગ કરવા માટે નીતિ, ટેકનોલોજી અને નવીનતા પર ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

નાફસ્કબ દ્વારા બે મુખ્ય ડિજિટલ પહેલ સહકાર ડિજી પે અને સહકાર ડિજી લોનનું




કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ભારતના શહેરી સહકારી બેંકિંગ ક્ષેત્રના ભવિષ્ય પર આયોજિત આંતરરાષ્ટ્રીય પરિષદ 'કો-ઓપ. કુંભ 2025'નું ઉદ્ઘાટન કર્યું.

પ્રસંગે કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રી શ્રી કૃષ્ણ પાલ ગુર્જર અને સહકાર મંત્રાલયના સચિવ રાજ્ય મંત્રી, સહકાર-કર્ણાટક, કાયદા પર્યટન મંત્રી, NAFCUBના માનદ પ્રમુખ, એમ. કે. પાટિલ, NAFCUBના પ્રમુખશ્રી લક્ષ્મીદાસ, NUCFDCના અધ્યક્ષશ્રી જ્યોતિન્દ્ર મહેતા, NAFCUBના ઉપપ્રમુખ શ્રી મિલિંદ કાલે સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.

સહકારી કુંભનું ઉદ્દઘાટન કરતાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણી માટે શહેરી સહકારી બેંકો અને ક્રેડિટ સોસાયટીઓનો સહકારી કુંભ યોજાઈ રહ્યો છે. છેલ્લા 3-4 વર્ષોમાં, દેશની શહેરી સહકારી બેંક અને સહકારી ધિરાણ ક્ષેત્ર નવા ઉત્સાહ સાથે પ્રગતિ કરી રહ્યું છે. NAFCUB દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય લોન્ચિંગ કરતા શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, શહેરી સહકારી બેંકોના વિસ્તરણનું સ્વપ્ન ટૂંક સમયમાં "સહકારી કુંભ 2025' દ્વારા સાકાર થશે. ડિજિટલ પહેલનો ઉપયોગ સૌથી નાની શહેરી સહકારી બેંકો પણ ડિજિટલ ચુકવણી માટે કરી શકશે.

સહકારી ક્ષેત્રે આવેલા પરિવર્તન અંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સહકાર મંત્રાલયની રચના થઈ ત્યારથી મોદી સરકારે સહકારી સંસ્થાઓ સંબંધિત દરેક ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન લાવવા માટે ઘણા મહત્વપૂર્ણ નીતિગત નિર્ણયો લીધા છે. વધુમાં, સહકારી ક્ષેત્રને આધુનિક બનાવવા, તેની મુશ્કેલીઓ દૂર કરવા અને તેની પહોંચ વધારવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે. દેશની તમામ રાજ્ય સરકારોએ PACS માટેના મોડેલ બાયલોઝ સ્વીકાર્યા છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે અમે સહકાર મંત્રાલય માટે ચાર ધ્યેયો નક્કી કર્યા છેઃ પેઢી સહકારનો વિકાસ, એટલે કે, આપણી યુવા પેઢીને સહકારી સંસ્થાઓ સાથે જોડવી. આ માટે, અમે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના કરી છે, જે સહકારી ક્ષેત્રની તમામ જરૂરિયાતોને પૂર્ણ કરશે. અમે તમામ પ્રકારના પડકારોનો સામનો કરી શકે તેવી સહકારી સંસ્થાઓ વિકસાવવાનું લક્ષ્ય પણ નક્કી કર્યું છે. અમે પાંચ વર્ષમાં 5 લાખથી વધુ વસ્તી ધરાવતા દરેક શહેરમાં એક શહેરી સહકારી બેંક સ્થાપિત કરવાનું લક્ષ્ય પણ નક્કી કર્યું છે. શ્રી શાહે કહ્યું કે શહેરી સહકારી બેંકોએ તેમના મુખ્ય કાર્યને બહુ-ક્ષેત્રીય અભિગમ સાથે યુવા ઉદ્યોગ સાહસિકો, સ્વ-સહાય જૂથો અને સમાજના નબળા વર્ગોને સશક્ત બનાવવા પર કેન્દ્રિત કરવું જોઈએ. અમારું લક્ષ્ય સહકારી સંસ્થાઓ તેમજ સમાજના નબળા વર્ગોને મજબૂત બનાવવાનું છે, અને શહેરી સહકારી બેંકો સિવાય કોઈ આ કરી શકતું નથી. શહેરી સહકારી બેંકો દ્વારા નબળા વ્યક્તિઓને સશક્ત બનાવવાનું પણ લક્ષ્ય હોવું જોઈએ.

કેન્દ્રીય સહકાર મંત્રીએ જણાવ્યું કે અમે છેલ્લા બે વર્ષમાં બિન-કાર્યક્ષમ સંપત્તિ (NPA) ને 2.8 ટકાથી ઘટાડીને 0.06 ટકા કરવામાં સફળ થયા છીએ. વધુમાં, આપણે કામગીરીનું સ્તર સુધારવું જોઈએ અને નાણાકીય સ્થિતિમાં સુધારો કરવો જોઈએ. દરેક શહેરમાં શહેરી સહકારી બેંકની સ્થાપના ફક્ત ત્યારે જ શક્ય છે જો આપણે સહકારી મંડળીઓને બેંકોમાં રૂપાંતરિત કરવાનો પ્રયાસ કરીએ. તેમણે જણાવ્યું હતું કે GDP ના આંકડા આપણી પ્રગતિનું માપદંડ ન હોઈ શકે; દરેક વ્યક્તિને કામ મળે અને તેમના જીવનધોરણમાં સુધારો થાય તે

અનુસંધાન પાના નંબર : 2

## સહકારી ક્ષેત્રે આજે ટેક્નોલોજી અને ડિજિટલ સેવાઓનો વ્યાપ વધ્યો : શ્રી વાઘાણી

અમદાવાદ : રાજ્યના સહકાર મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ અમદાવાદમાં જીએસસી બેંકના યુપીઆઈ મર્ચન્ટ ઓન-બોર્ડિંગ (ક્યુઆર કોડ) સેવા અને ભારત બિલ પે સર્વિસનો શુભારંભ કરાવ્યો હતો. ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન અજય પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત સહકાર મંત્રીના હસ્તે જીએસસી બેંક અને એડીસી બેંકના ગ્રાહકો અને સહકારી મંડળીઓને ક્યુ-આર કોડ વિતરણ કરવામાં આવ્યા હતા. વાઘાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં આજે દેશમાં દરેક ક્ષેત્રે વિકાસ અવિરત થઈ રહ્યો છે. ડિજિટલ ઈન્ડિયા મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા જેવા અનેકવિધ અભિયાનો દેશના વિકાસમાં મહત્વનો ભાગ ભજવી રહ્યા છે ત્યારે સહકાર ક્ષેત્રે પણ આજે ટેકનોલોજી અને ડિજિટલ સેવાઓનો વ્યાપ વધી રહ્યો છે. બેન્કિંગ અને અર્થતંત્ર સાથે સુપેરે જોડવાનું કામ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ સહકાર



વિભાગ વિકાસની નવી ઉંચાઈઓ સર કરી રહી છે. કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઈ શાહે સહકાર ક્ષેત્રે અનેકવિધ નવીન પ્રકલ્પો અને ઉપક્રમો થકી સહકારી ક્ષેત્રે ક્રાંતિ લાવી છે. ભારતને પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવામાં સહકારી ક્ષેત્ર કાર્યરત છે.

## ભારત ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના પથ પર : સરકાર 25 મિલિયન લોકોને બહુ પરિમાણીય ગરીબીમાંથી બહાર કાઢવામાં સફળ રહી છે : એફ.એમ.

નવી દિલ્હી : નાણામંત્રીશ્રી નિર્મલા સીતારામને મંગળવારે જણાવ્યું હતું કે ભારત આજે ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકે ઉભરી રહ્યું છે અને ટૂંક સમયમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે.

દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે કહ્યું કે, ભારત તેની આર્થિક મજબૂતાઈને કારણે પોતાના પગ પર સ્પષ્ટ રીતે ઊભું છે. આપણને શાબ્દિક રીતે અલગ પાડતી બાબત એ છેકે 2014માં દસમા સૌથી મોટા અર્થતંત્રથી પાંચમા અને ચોથા સ્થાને ઝડપી ગતિએ આગળ વધવું, અને હવે ટૂંક સમયમાં, કદાચ ત્રીજા સ્થાને આવશે. તેઓશ્રીએ વધુમાં કહ્યું કે સરકાર 25 મિલિયન લોકોને બહુ-પરિમાણીય ગરીબીમાંથી બહાર કાઢવામાં સફળ રહી છે.



બેન્કિંગ ક્ષેત્રના સંદર્ભમાં, સીતારમણે કહ્યું કે જાહેર ક્ષેત્રની બેંકોની બેલેન્સ શીટમાં 7-8 વર્ષ પહેલાં જે બે બેલેન્સ શીટ સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો તેની તુલનામાં નોંધપાત્ર સુધારો થયો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે સરકાર ચાલુ નાણાકીય વર્ષ માટે 4.4 ટકાના મહત્વાકાંક્ષી રાજકોષીય ખાધ લક્ષ્યને પૂર્ણ કરશે.કેન્દ્રનો અંદાજ છે કે 2025-26 દરમિયાન રાજકોષીય ખાધ જીડીપીના 4.4 ટકા અથવા રૂ. 15.69 લાખ કરોડ રહેશે.

### ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા 72મા અખિલ ભારતીય સહકારી સપ્તાહની ભવ્ય ઉજવણી

## આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સહકાર શ્રેષ્ઠ માધ્યમ છે : શ્રી ઘનશ્યામભાઈ અમીન

### હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી અભિયાન જાગૃતિ










અમદાવાદઃ ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદના ઉપક્રમે તારીખ 14/11/2025ના રોજ 72મા અખિલ ભારત સહકાર સપ્તાહની ભવ્ય ઉજવણીની શરૂઆત રાજ્ય સહકારી સંઘનાં પટાંગણમાં રાજ્ય સંઘના અધ્યક્ષ અને સહકારી આગેવાન શ્રી ઘનશ્યામભાઈ અમીનની રાહબરી હેઠળ કરવામાં આવી.

#### કાર્યક્રમનું ઉદ્ઘાટન અને મહાનુભાવોની ઉપસ્થિતિ :

કાર્યક્રમના પ્રથમ દિવસે સહકારી ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ ભવ્ય ઉજવણીનું ઉદ્ઘાટન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનના વરદ હસ્તે ધ્વજારોહણ અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ ઉજવણી અંતર્ગત સમગ્ર કાર્યક્રમની થીમ અને ઉદ્દેશ્ય અંગે માહિતી આપી હતી. તેમણે ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ અમીનના સહકાર ક્ષેત્રે થયેલ કાર્યો અને સિદ્ધિઓને બિરદાવી, 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ના નારા દ્વારા આત્મનિર્ભર ભારત બનાવવા માટે સહકારી પ્રવૃત્તિઓ, સ્વદેશી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન "સહકાર સે સમૃદ્ધિને સાકાર કરવા અંગે અને સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતી નિમિત્તે તેમના સહકારથી સમૃદ્ધિના સપનાને ભારતમાં સાકાર થવા જઈ રહ્યાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તેમણે સરકાર દ્વારા 2025ના વર્ષને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ જાહેર

## આત્મનિર્ભર ભારત સહકારના સહયોગથી બનશે : શ્રીમતી પ્રતિભાબેન જૈન

અમીન, મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, નાબાર્ડના ચીફ જનરલ મેનેજર શ્રી બી.કે. સિંઘલ, ગુજરાત રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રાજેન્દ્ર ત્રિવેદી સહિત વિવિધ સહકારી સંસ્થાઓના આગેવાનો, વરિષ્ઠ અધિકારીઓ, વિવિધ કોલેજોના અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

#### મુખ્ય વક્તવ્યો અને વિષયવસ્તુ :

કાર્યક્રમનું મુખ્ય કેન્દ્રસ્થ વિષયવસ્તુ "આત્મનિર્ભર ભારત માટે સહકારિતા શ્રેષ્ઠ માધ્યમ છે" રાખવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે, એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ 72મા અખિલ ભારત સહકાર સપ્તાહની વસ્તુઓ અપનાવવાની, સહકારમાં ડિજિટલાઈઝેશનનો ઉપયોગ અને સભાસદોને ઉત્તમ સેવાઓ આપવાની વાત પર ભાર મૂક્યો હતો.

નાબાર્ડના ચીફ જનરલ મેનેજર શ્રી બી.કે. સિંઘલનાં હસ્તે રાજ્ય સહકારી સંઘ દ્વારા પ્રકાશિત સહકાર પાક્ષિકનાં "સહકાર વિશેષાંક 2025"નું વિમોચન કરવામાં આવ્યું હતું.

મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈને 72મા અખિલ ભારત સહકાર સપ્તાહની ભવ્ય ઉજવણીના ઉત્સાહ અંગે આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કાર્યક્રમમાં મહિલાઓની વધુ સંખ્યા જોઈને ખુશી વ્યક્ત કરી સ્ત્રી સશક્તિકરણનો મહિમા દર્શાવ્યો. તેમણે કર્યા વિશે માહિતી આપી અને ગામડાના છેવાડાના માનવીને પણ સહકારનો લાભ મળ્યો હોવા અંગે ગર્વ અનુભવી અભિનંદન પાઠવ્યાં. તેમણે મહિલાઓના દૂધ ઉત્પાદન દ્વારા રોજગાર પ્રાપ્ત કરવાની વાતને અત્યંત પ્રશંસનીય ગણાવી હતી. તેમણે વોકલ ફોર લોકલ, મેક ફોર ઈન્ડિયા"ના સૂત્રને સાકાર કરવાની વાત મૂકી આધુનિક ડિજિટલાઈઝેશન, ગુણાત્મક પ્રયાસો દ્વારા સફળતા મેળવવા પર ભાર મૂક્યો હતો. પર્યાવરણ બચાવો અંગે જાગૃતિ લાવવા કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેને કાપડની બેગનું વિતરણ કરવામાં

અનુસંધાન પાના નંબર : 3

## સહકારી બેન્કિંગના ભવિષ્ય માટે AI-આધારિત ડિજિટલાઇઝેશન ખૂબ જરૂરી : શ્રી પંકજકુમાર બંસલ

નવી દિલ્હી : કો-ઓપ કુંભ ૨૦૨૫ હેઠળ શહેરી સહકારી ક્રેડિટ ક્ષેત્રની બે-દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદના ભાગરૂપે, સહકાર મંત્રાલયના અધિક સચિવ શ્રી પંકજ કુમાર બંસલે "ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને કો-ઓપરેટિવ બેન્કિંગમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન" પરના એક ઉચ્ચ-સ્તરીય સત્રની અધ્યક્ષતા કરી હતી. નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આયોજિત આ સત્રમાં સહકારી ક્ષેત્રના અગ્રણી નેતાઓ, નીતિ નિર્માતાઓ અને ટેકનોલોજી નિષ્ણાતો એકઠા થયા હતા.

તેમના સંબોધનમાં, શ્રી બંસલે સહકારી બેન્કિંગ ઈકોસિસ્ટમને મજબૂત કરવામાં ડિજિટલાઈઝેશન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની પરિવર્તનકારી ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ટેકનોલોજી અપનાવવી માત્ર એક જરૂરિયાત નથી પરંતુ સહકારી સંસ્થાઓમાં પારદર્શિતા, કાર્યક્ષમતા



અને સભ્ય-કેન્દ્રિત વૃદ્ધિ માટેનું એક વ્યૂહાત્મક સક્ષમકર્તા છે.

આ સત્રમાં ઉભરતી ટેકનોલોજી ક્રેડિટ ડિલિવરીને કેવી રીતે આધુનિક બનાવી શકે છે, જોખમ વ્યવસ્થાપનને વધારી શકે છે. શાસનમાં સુધારો કરી શકે છે, અને સહકારી બેંકો દ્વારા નાણાકીય સમાવેશને આગળ વધારી શકે છે તે અંગે સક્રિય ભાગીદારી અને સમજદાર વિચાર-વિમર્શ જોવા મળ્યો. આ ચર્ચાઓએ દર્શાવ્યું કે કેવી રીતે સહકારી બેંકો AI અને અન્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ગ્રાહકોને

અનુસંધાન પાના નંબર : 3

### સુરત જિલ્લા સહકારી સંઘ, સુરત(બારડોલી)ના ઉપક્રમે

# બારડોલી તાલુકામાં ત્રિ-દિવસીય સહકારી નેતાગીરી તાલીમ શિબિર યોજાઈ

બારડોલી : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ, તાલીમ, પ્રચાર, પ્રકાશન યોજના અંતર્ગત સુરત જિલ્લા સહકારી સંઘ, સુરત (બારડોલી) આયોજિત તા. 15-10–2025 થી તા. 17–10–2025 દરમિયાન ત્રિ-દિવસીય સહકારી નેતાગીરી તાલીમ શિબિર, જિલ્લા સંઘના તાલીમ હોલમાં જિલ્લા સંઘના ડિરેકટરશ્રી બાબુભાઈ વનમાળીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી.

આ શિબિરનું ઉદ્‌ઘાટન તારીખ 15-10-2025ને બુધવારના રોજ સુરત જિલ્લા સહકારી સંઘના ડિરેકટર શ્રી બાબુભાઈ વનમાળીભાઈ પટેલે જિલ્લા સંઘના મહિલા સમિતિના અધ્યક્ષશ્રી યોગીનીબેન ચૌહાણ, એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાવેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં દિપ-પ્રાગટ્ય કરી શુભારંભ કરાવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત સુરત જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાવેશભાઈ પટેલે કર્યુ હતું.

શ્રી બાબુભાઈ પટેલે ઉદ્‌બોધન કરતા મંડળીના પ્રતિનિધિઓને જણાવ્યું કે, સહકારી મંડળીઓના સતત વિકાસ માટે સહકારી શિક્ષણ-તાલીમની ખૂબ જ જરૂર છે. જેના માટે સુરત જિલ્લા સહકારી સંઘ, સહકારી નેતાગીરી તાલીમ શિબિરનું આયોજન કરીને સહકારી પ્રવૃત્તિ વિશે જાગૃતિનું કાર્ય કરે છે. આ તાલીમવર્ગનું મહત્વ સમજાવી વહીવટી પારદર્શિતા અને સંચાલન વ્યવસ્થાપન માટે આ તાલીમના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. ત્રણ દિવસ સુધી હાજર રહી શિબિરનો લાભ લેવા માટે ઉપસ્થિત પ્રતિનિધિઓને અનુરોધ કર્યો હતો.

ઉદ્‌ઘાટન કાર્યક્રમ બાદ પ્રથમ સેશનમાં સુરત જિલ્લા સહકારી સંઘનાં સી. ઈ. આઈ. શ્રી વિજયભાઈ ચૌધરીએ સહકારનો અર્થ, ઉદ્‌ભવ, ઈતિહાસ, સિદ્ધાંતો, મૂલ્યો, ઉદ્દેશો સમજાવ્યા હતા. એડવોકેટ શ્રી ભીમસિંગભાઈ રાજપુરોહિતે કલમ- 138 ચેક રીટર્ન અંગે કરવાની જરૂરી કાર્યવાહી અંગે માહિતી આપી હતી. સુરત ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંક લિ. ના નિવૃત મેનેજરશ્રી મણિભાઈ પટેલે નાણાકીય સાક્ષરતા અંગે વિસ્તૃત માહિતી આપી હતી.




બીજા દિવસે તારીખ 16-10-2025ને ગુરૂવારના રોજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી ભાવિનભાઈ પટેલે GST/TDS/INCOME TAX અંગે માહિતી માર્ગદર્શન આપ્યું હતું. સુરત જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી ભાવેશભાઈ પટેલે સહકારી કાયદાની અગત્યની કલમો અને વિવિધ ફંડોના ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું .

ત્રીજા દિવસે તારીખ 17-10-2025ને શુકવારના રોજ સુરત ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંક લિ.ના મેનેજરશ્રી સુદીપભાઈ પટેલે ત્રિસ્તરીય ધિરાણ માળખું, કે.સી.સી, ધિરાણની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. સુમૂલડેરીના અધિકારી શ્રી રેખાબેન ઠાકોરે સુમૂલ ડેરીની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. કૃભકોના સિનિયર એરિયા મેનેજરશ્રી ધર્મેશભાઈ નાયકે પ્રાકૃતિક ખેતી અને કેમીકલયુકત ખેતી અંગે તફાવત બતાવી પ્રાકૃતિક ખેતીની મહત્ત્વતા સમજાવી હતી. શિબિરની પૂર્ણાહૂતિ પ્રસંગે સુરત જિલ્લા સહકારી સંઘનાં એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી ભાવેશભાઈ પટેલે તાલીમાર્થીઓના પ્રતિભાવો લીધા હતા.

ત્રિ-દિવસીય સહકારી નેતાગીરી તાલીમ શિબિરમાં બારડોલી તાલુકાની 38 દૂધ સેવા ક્રેડિટ મંડળીઓમાંથી શિબિરાથીઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ સમગ્ર શિબિરનું સંચાલન અને આભારવિધિ સુરત જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ. શ્રી વિજયભાઈએ કર્યું હતું.

# ખેડા જિલ્લા સહકારી સંઘ, નડિયાદ દ્વારા 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉદ્‌ઘાટન કાર્યક્રમ

નડિયાદ : સરદાર વલ્લભભાઈ પટેલની 150 વર્ષની જન્મ જયંતિ દેશમાં ઉજવાઈ રહેલ છે તેવા વર્ષે 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી 14મી નવેમ્બરથી શરૂ થયેલ. ખેડા જિલ્લા સહકારી સંઘ, નડિયાદ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરેલ. જેમાં સાંસદ સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ તથા મહેસૂલ પંચાયત અને ગ્રામીણ મંત્રી શ્રી સંજયસિંહ મહીડા તથા સંઘના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, ઉપાધ્યક્ષશ્રી રમેશભાઈ પી. પરમાર, માનદમંત્રી શ્રી અર્જુનસિંહ જે. વાઘેલા તેમજ ડિરેકટર્સશ્રીઓ તેમજ મહાનુભાવોના હસ્તે






ધ્વજવંદન કરવામાં આવ્યું.

ખેડા જિલ્લામાં સારૂ કામ કરતી કો-ઓપ.ક્રેડિટ સોસાયટીમાંથી પ્રથમ નંબરે નૂતન નાગરિક કો-ઓપ. ક્રેડિટ સોસાયટી, મહેમદાવાદને પ્રભાવક શિલ્ડ અને પ્રમાણપત્ર, બીજા નંબરે આવનાર ભાગ્યલક્ષ્મી કો-ઓપ. ક્રેડિટ સોસાયટી, કઠલાલને આકર્ષક શિલ્ડ અને પ્રમાણપત્ર અને ત્રીજા નંબરે ભાગ્યલક્ષ્મી કો-ઓપ. ક્રેડિટ સોસાયટી, મહુધાને શિલ્ડ અને પ્રમાણપત્ર જિલ્લાના સાંસદ સભ્ય શ્રી દેવુસિંહ ચૌહાણ તેમજ જિલ્લા સંઘના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ બી. પટેલ તથા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રીમતી નયનાબેન પટેલના વરદ હસ્તે સન્માનિત કરવામાં આવેલ હતા.

ખેડા જિલ્લાના સાંસદ સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે સહકાર સપ્તાહનું ઉદ્‌ઘાટન કરતા જણાવ્યું હતુ કે, ગુજરાતમાં જિલ્લા સંઘો દ્વારા સહકારી સંસ્થાના કર્મચારીઓ, હોદેદારશ્રીઓ, ગ્રામ્ય દૂધ મંડળીના સભાસદોને શિક્ષણ દ્વારા સહકારી પ્રવૃત્તિ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. ત્રિભુવન સહકારી યુનિવર્સિટી આણંદ મુકામે સ્થાપિત કરવામાં આવેલ છે. જેના દ્વારા ગ્રામીણ વિકાસ,રોજગારી તેમજ સહકારી ક્ષેત્રની જાણકારી છેવાડાના માનવી સુધી પહોચાડી શકાય તેનો લાભ આપ સૌએ મેળવવાનો છે તેમજ અન્ય વિષયો ઉપર માહિતી આપી હતી.

સદર સહકાર સપ્તાહ ઉજવણી પ્રસંગે ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ તેમજ સમારંભના અતિથિ વિશેષ શ્રીમતી નયનાબેન પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ""આત્મનિર્ભર ભારત" સૂત્ર આપી ગ્રામ્ય વિકાસમાં સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાત એવુ એક રાજય છે કે ગુજરાત વિકાસ મોડેલની પ્રેરણા લેવામાં આવી છે તેવી રાજયની સહકારી મંડળીઓ સમગ્ર રાષ્ટ્ર માટે નમૂનેદાર અને આદર્શરૂપ બની રહી છે.

સંઘના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ પટેલે 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણીની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, દેશના આર્થિક વિકાસને મજબૂત બનાવવામાં સહકારી ક્ષેત્રનો ફાળો અતિ મહત્વનો રહ્યો છે. સંઘના ડિરેક્ટર તથા પૂર્વ ચેરમેનશ્રી જયેશભાઈ પટેલે પ્રસંગને અનુરૂપ માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમની શરૂઆત સંઘના મહિલા સી.ઈ.આઈ બીજલ આર. ભાવસાર દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી.

આભાર દર્શન છોટાલાલ વ્યાસ સહકારી વ્યવ. કેન્દ્રના પ્રિન્સિપાલ અને ગુજરાત રાજય સંઘના આસિ. એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી શીતલભાઈ ભટ્ટે કરેલ.સમગ્ર કાર્યક્રમનુ સંચાલન સંઘના સી.ઈ.આઈ. શ્રી પ્રતીકકુમાર એમ. પટેલે કર્યુ હતું.

72મા અખિલ ભારત સહકાર .... પાના નંબર : 3નું અનુસંધાન

જુદી સહકારી સોસાયટીઓએ નવી પહેલ કરી નવી દિશા તરફ સહકારી માધ્યમથી ટેકનોલોજીનો ઉપયોગ કરી મહત્તમ સેવાઓ પ્રદાન કરવા અંગે અપીલ કરી હતી.

આ પ્રસંગે હારીજ માર્કેટ યાર્ડના ચેરમેનશ્રી વાઘજીભાઈ ચૌધરી, સેક્રેટરીશ્રી ભગુભાઈ ચૌધરી, જિલ્લા સંઘના વાઈસ ચેરમેન શ્રી વિષ્ણુભાઈ પટેલ સંઘના ડિરેક્ટરશ્રી ભીખાભાઈ સિંઘવ માર્કેટયાર્ડ હારીજના વાઈસ ચેરમેનશ્રી સહિત મોટી સંખ્યામાં વિવિધ સંસ્થાઓમાંથી સહકારી બંધુઓ, કર્મચારીઓ, જિલ્લા સંઘનો સ્ટાફ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની આભાર વિધિ રાજ્ય સંઘના સી.ઈ.આઈ. કથનભાઈ જોશીએ કરી હતી.

શહેરી સહકારી બેંકો.... પાના નંબર : 1નું અનુસંધાન

માટે પણ પ્રયાસો કરવા જોઈએ, અને સહકારી મંડળીઓ વિના આ પ્રાપ્ત કરી શકાતું નથી. શ્રી શાહે જણાવ્યું હતું કે ભારત સરકાર અને તમામ રાજ્ય સરકારો સહકારી મંડળીઓના ખ્યાલ અને મહત્વને સંપૂર્ણપણે સમજે છે, અને હવે પારદર્શક અને પરિણામલક્ષી રીતે નવા આત્મવિશ્વાસ અને ખંત સાથે કામ કરવાની જરૂર છે.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સહકારી અમૂલને વિશ્વમાં પ્રથમ અને IFFCO ને બીજા ક્રમે સ્થાન આપ્યું છે. આ દર્શાવે છે કે આજે પણ સહકારી મંડળીઓનો વિચાર અને સંસ્કૃતિ જૂની નથી. અમૂલ દેશમાં શ્વેત ક્રાંતિનું વાહન બની ગયું છે અને 36 લાખ ખેડૂત સભ્યો, 18 હજાર ગ્રામ સમિતિઓ અને 18 જિલ્લા સંઘો દ્વારા, અમૂલ દેશભરમાં દરરોજ 3 કરોડ લાખ લિટર દૂધ એકત્રિત કરે છે. તેમણે કહ્યું કે વર્ષ 2024-25માં, અમૂલનું ટર્નઓવર 90 હજાર કરોડ રૂપિયાને વટાવી ગયું હતું, જે દર્શાવે છે કે 36 લાખ ખેડૂતો, જેમાંથી 65 ટકાથી વધુ મહિલાઓ છે, તેમની પાસે નાની મૂડી છે.

International Year of Cooperatives 2025
Cooperatieds Build a Better World

## ગુજરાત રાજ્ય સહકારી સંઘ
(Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives
"સહયોગ" (તિલક) રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૫૩૫૨૨૨૦ / ૧૫૪૪
E-mail : gscu@rediffmail.com • E-mail : info@gujaratscu.com
Website : www.gujaratscu.com

પરિપત્ર નં./12/2025–26 તા.04/11/2025

### પરિપત્ર

વિષય :– સને 2024–25 ના વર્ષમાં સારૂં કામ કરનાર "શરાફી સહકારી ધિરાણ મંડળીઓ" (પગારદાર કર્મચારીઓની મંડળીઓ સિવાય) માટે યોજવામાં આવેલ શિલ્ડ અને પ્રમાણપત્ર હરિફાઈ બાબત.

ગુજરાત રાજય સહકારી સંઘ દ્વારા પ્રતિવર્ષ રાજયના જુદા જુદા જિલ્લાઓમાં સારૂં કામ કરનાર જુદા જુદા પ્રકારની સહકારી મંડળીઓ માટે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવા માટેની હરિફાઈ યોજવામાં આવે છે તદઅનુસાર રાજય સહકારી સંઘના તા.4/8/2025 ના પરિપત્ર નં.4/2025-26 મુજબ સને 2024-25 ના વર્ષમાં સારૂં કામ કરનાર "શરાફી સહકારી ધિરાણ મંડળીઓ' (પગારદાર કર્મચારીઓની મંડળીઓ સિવાય) માટે પ્રથમ સ્થાને આવનાર વિજેતા મંડળીઓ માટે પ્રભાવક શિલ્ડ અને પ્રમાણપત્ર, દ્વિતીય સ્થાને આવનાર મંડળીઓ માટે આકર્ષક શિલ્ડ અને પ્રમાણપત્ર તથા તૃતીય સ્થાને આવનાર મંડળીઓ માટે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવા માટેની હરિફાઈ યોજવામાં આવી હતી. જિલ્લા સહકારી સંઘોની શિલ્ડ પસંદગી સમિતિઓ તરફથી મળેલ સંકલિત માહિતી અને તેમણે કરેલ ભલામણો વિગેરે ધ્યાનમાં લઈ નીચે જણાવેલ "શરાફી સહકારી ધિરાણ મંડળીઓ' (પગારદાર કર્મચારીઓની મંડળીઓ સિવાય) ને શિલ્ડ અને પ્રમાણપત્ર આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

સને 2024–2025 ના વર્ષમાં સારૂં કામ કરનાર "શરાફી સહકારી ધિરાણ મંડળીઓ" (પગારદાર કર્મચારીઓની મંડળીઓ સિવાય) માટે શિલ્ડ અને પ્રમાણપત્ર હરિફાઈ વિજેતા સહકારી મંડળીઓ.

| અ.નં. | જિલ્લો | સંસ્થાનું નામ | મેળવેલ ક્રમ |
|---|---|---|---|
| 1. | અમરેલી | શ્રી ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળી લિમિટેડ<br>ખોડિયાર ધામ કોમ્પ્લેક્ષ, સ્ટેશન રોડ, મુ.ચલાલા, તા.ધારી, જિ.અમરેલી. | પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | સરદાર પટેલ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ<br>નારણપ્લાઝા, ભીડભંજન મહાદેવ મંદિર સામે, અમરેલી,<br>મુ.તા. અમરેલી-365 440, જિ.અમરેલી. | દ્વિતીય આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | શ્રી આશિષ શરાફી સહકારી મંડળી લિ.<br>બગસરા હોસ્પિટલ રોડ, ઓમ મેડિકલ પાસે, મુ.બગસરા,<br>તા.બગસરા, જિ.અમરેલી. | તૃતીય શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| 2. | આણંદ | શ્રી સરદાર પટેલ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>35, સ્તંભતીર્થ કોમ્પલેક્ષ, ટાવર સામે, મુ.પો.ખંભાત, જિ.આણંદ. | પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ધી આશાપુરી કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>આશાપુરી ભવન, પીપળાવ, મુ.પો.આશાપુરી, તા.સોજીત્રા, જિ.આણંદ | દ્વિતીય આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ધી ઓડ નાગરિક ક્રેડિટ સોસાયટી લિ. ભદ્રકાળી માતાજી મંદિર પાસે,<br>મુ.પો.ઓડ, તા.જિ.આણંદ. | તૃતીય શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| 3. | બનાસકાંઠા | ધી પીપલ્સ કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>બ્રાન્ચ શાળા પાસે, વિશાલા ચોક રોડ, મુ.પો.તા.ડીસા, જિ.બનાસકાંઠા | પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ધી કાણોદર કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>મેઈન બજાર, મુ.પો.કાણોદર,તા.પાલનપુર, જિ.બનાસકાંઠા. | દ્વિતીય આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ધી સરસ્વતી શરાફી સહકારી મંડળી લિ.<br>મુ.પો.વડગામ, તા.પાલનપુર, જિ.બનાસકાંઠા | તૃતીય શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| 4. | ભરૂચ | ધી મહાલક્ષ્મી બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લિ.<br>ગ્રાઉન્ડ ફ્લોર 49/1, શાંતિબાગ સોસાયટી લિ. એલ.આઈ.સી.ઓફિસ પાછળ,<br>નર્મદા કેનાલની સામે, શકિતનાથ, જિ.ભરૂચ. | પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ધી વિશ્વાસ બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લિ.<br>8, અક્ષર એવન્યુ, શંભુ ડેરી પાસે, લીંકરોડ, જિ.ભરૂચ. | દ્વિતીય આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ધી દિવ્ય ચેતના બચત અને ધિરાણ કરનારી સહકારી મં.લિ.<br>231, સિલ્વર સ્ક્વેર શોપિંગ સેન્ટર, એચ.ડી.એફ.સી.જિ.ભરૂચ. | તૃતીય શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| 5. | ભાવનગર | શ્રી અલઅમીન કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>શાબાન એજયુકેશન બિલ્ડિંગ, મહેંદીબાગ, નવા બસ સ્ટેશન રોડ,<br>મુ.તા.મહુવા, જિ.ભાવનગર. | પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | શ્રી લક્ષ્મણધામ કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>લક્ષ્મણજી મંદિર પાસે, વડવા દેવજી ભગતની ધર્મશાળા, જિ.ભાવનગર. | દ્વિતીય આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | શ્રી બજરંગદાસબાપા નાગરિક શરાફી સહકારી મંડળી લિ.<br>નિર્મળનગર, કેસરબાગ, શેરી નં.5, જિ.ભાવનગર. | તૃતીય શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| 6. | દાહોદ | શ્રી રામ કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>શિવાજી શોપિંગ સેન્ટર, ચાકલીયા રોડ, જિ.દાહોદ. | પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ધી સંજેલી વિભાગ અર્બન કો–ઓપરેટિવ ક્રેડિટ સોસા.લિ.<br>સંજેલી, જિ.દાહોદ. | દ્વિતીય આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ધી જનકલ્યાણ બચત અને શરાફી કો–ઓપરેટિવ ક્રેડિટ સોસા.લિ.<br>દેવ બારિયા, જિ.દાહોદ. | તૃતીય શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| 7. | ગાંધીનગર | ધી પુંધરા નાગરિક કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>મુ. પુંધરા, તા.માણસા, જિ.ગાંધીનગર. | પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ગાંધીનગર ડિસ્ટ્રિકટ કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>બી–4, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર પટેલ સહકાર ભવન,<br>સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, સેક્ટર-12, ગાંધીનગર. | દ્વિતીય આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | શ્રી આદર્શ બક્ષીપંચ ગૃપ કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>શ્રીજીનગર, મુ.પો.બાલવા, તા.માણસા, જિ.ગાંધીનગર. | તૃતીય શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| 8. | જામનગર | શ્રી ખોડિયાર ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ.<br>સ્પે.પ્લોટ નં.47, જી.આઈ.ડી.સી.શંકર ટેકરી,<br>ઉદ્યોગ નગર, જિ.જામનગર. | પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| 9. | જૂનાગઢ | શ્રી કેશવ કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>ડો. કેશવરાય બલીરામ હેડગેવાર ભવન, જિ. જૂનાગઢ. | પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | શ્રી જૂનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લિ.<br>જે.બી.કોમ્પલેક્ષ, ત્રીજા માળે, સહકાર ભવન સામે, બસ સ્ટેન્ડ પાસે, જિ. જૂનાગઢ. | દ્વિતીય આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | શ્રી પોરબંદર ક્રેડિટ કો–ઓપરેટિવ સોસાયટી લિ.<br>6-7, મીરા શોપિંગ સેન્ટર, બીજા માળે, લીબર્ટી રોડ, જિ.પોરબંદર | તૃતીય શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| 10. | ખેડા | નૂતન નાગરિક કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. ભાવસારવાડ,<br>બેન્ક રોડ, મહેમદાવાદ, જિ.ખેડા. | પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | શ્રી ભાગ્યલક્ષ્મી નાગરિક કો-ઓપરેટિવ ક્રેડિટ સોસા.લિ.<br>આશીર્વાદ કોમ્પલેક્ષ, પ્રથમ માળ, એસ.ટી.સ્ટેન્ડ પાછળ, કઠલાલ,જિ.ખેડા. | દ્વિતીય આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | શ્રી ભાગ્યલક્ષ્મી કો–ઓપરેટિવ ક્રેડિટ સોસા.લિ.<br>બજાર મહુધા, જિ.ખેડા. | તૃતીય શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| 11. | મહેસાણા | ધી ભાગ્યલક્ષ્મી કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>પ્રભુ કોમ્પલેક્ષ, રાજકલમ પેટ્રોલ પંપ પાસે હાઈવે, જિ.મહેસાણા. | પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ધી ધનલક્ષ્મી કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>પ્રથમ માળ, પુનમ કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ઊંઝા, જિ.મહેસાણા. | દ્વિતીય આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ધરતી ગૃપ ઓફ મહેસાણા જિ.કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>મુ.તા.જિ.મહેસાણા. | તૃતીય શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| 12. | મહિસાગર | ધી સહેલી બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લિ.<br>ઠે.પહેલા માળે, ગુરૂમંદિર સામેના ખાચામાં, હાટડીયા બજાર,<br>લુણાવાડા, જિ.મહીસાગર | પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ઘી ઉત્કર્ષ કો. ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>દુલાભાઈના માઢમાં, ઔદિચ્ય બ્રાહ્મણ સમાજની વાડીની નીચે,<br>લુણાવાડા-389 230, જિ.મહિસાગર. | દ્વિતીય આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |
| | | ધી જનતા કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.<br>કામધેનું વેપારભવન હાટડીયા બજાર, લુણાવાડા, જિ.મહિસાગર. | તૃતીય શિલ્ડ અને પ્રશસ્તિપત્ર |

અનુસંધાન પાના નંબર : 3

શ્રી રાજકોટ જિલ્લા સહકારી સંઘ અને જિલ્લા રજિસ્ટ્રાર રાજકોટના સંયુક્ત ઉપક્રમે

# "ટી.ડી.એસ. કપાત સંબંધિત નિયમો અને આવકવેરા કાયદાની નવીનતમ જોગવાઈઓ' તેમજ "હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' અભિયાન બાબતે જાગૃતિ સેમિનાર

રાજકોટ : ગુજરાત રાજ્ય સહકારી સંઘની શિક્ષણ તાલીમ યોજના અંતર્ગત તારીખ 10/11/2025 - સોમવાર ના રોજ "રાજકોટ જિલ્લા સહકારી સંઘ' અને "જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ'ના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ 2025 ભાગરૂપે વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલ "હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી" અભિયાન બાબતે જાગૃતિ સેમિનાર યોજાયો.

આ સેમિનારમાં રાજકોટ જિલ્લા સહકારી સંઘના માનદ્ મંત્રીશ્રી-મનસુખભાઈ સંખાવરા, સંયુક્ત રજિસ્ટ્રારશ્રી વિભાગીય સ. મંડળીઓ શ્રી રીનાબેન પટેલ, રજિસ્ટ્રારશ્રી - ડો. બીમલ. એન. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી હાઉસિંગ - યશવંતભાઈ દુધાત્રા, જિલ્લા રજિસ્ટ્રારશ્રીના ઓ. એસ. - ગીતાબેન જીવાણી, તેમજ ઈન્કમટેક્ષ અધિકારી શ્રી રાજીવકુમાર અને ડો. હિતેશભાઈ શુકલ,રાજકોટ જિલ્લા સહકારી સંઘ ના એક્ઝિક્યુટિવ ઓફિસર - જયશ્રીબેન ત્રિવેદી,ગુજરાત વ્યવસ્થાપન કેન્દ્રના અધ્યાપક - મનીષાબેન ભાગ્યા, ગુજરાત રાજ્ય સહકારી સંઘ ના સી.ઈ.આઈ. - એ. જે. ઘેટિયા સહીત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

સેમિનારમાં આરંભે એક્ઝિક્યુટિવ ઓફિસર - જયશ્રીબેન ત્રિવેદીએ મંચ પર ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ઈન્કમટેક્ષ અધિકારી શ્રી રાજીવકુમાર દ્વારા ટી.ડી.એસ. અને ઈન્કમટેક્ષ કપાત સંબંધિત વિવિધ પ્રકારના પ્રોવિઝન્સ વિશે માહિતી આપી વિવિધ પ્રકારના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું.

સંયુક્ત રજિસ્ટ્રાર વિભાગીય સ. મંડળીઓ શ્રી રીનાબેન પટેલ, જિલ્લા રજિસ્ટ્રારશ્રી ડો. બિમલ.એન. પટેલ તથા ડો. હિતેશભાઈ શુકલ દ્વારા માનનીય,વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલ "હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી" અભિયાન વિષયક માહિતી આપવામાં આવી અને સેમિનારમાં હાજર તમામ લોકોને "વોકલ ફોર લોકલ" સૂત્ર ને સાર્થક કરવામાં સ્વદેશી ચીજવસ્તુઓ વાપરવાની અપીલ કરી હતી.




આ સેમીનારનું આયોજન અને સંચાલન ગુજરાત રાજ્ય સહકારી સંઘ ના સી.ઈ.આઈ. શ્રી એ.જે.ઘેટીયા., પાર્થ એમ. આચાર્ય., સાગર જે. ભંગડીયા/ તથા રાજકોટ જિલ્લા સહકારી સંઘના તમામ કર્મચારીઓએ કરી કાર્યક્રમ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતા પાટણ જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી સુરેશભાઈ પટેલ



પાટણ : પાટણ જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે 14 નવેમ્બર 2025ના રોજ 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી ધ્વજવંદન કાર્યક્રમ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ હારીજના પટાંગણમાં યોજાયો હતો. જેમાં સહકારી ક્ષેત્રે કાર્યક્ષમતા જવાબદારી અને પારદર્શિતા વધારવા માટે ડિજિટલના પ્રોત્સાહન વધારવા માટે ઉજવણીમાં સહકારી પ્રવૃત્તિ નું ચિંતન અને આહવાન કરતા પાટણ જિલ્લા સંઘના ચેરમેન શ્રી સુરેશભાઈ સી. પટેલ દ્વારા સહકાર સપ્તાહ ઉજવણીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ડી.વી પટેલે અખિલ ભારત સહકાર સપ્તાહ દિનની ઉજવણીનું મહત્વ સમજાવ્યું હતું. જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી ભરતભાઈ રાજ પુરોહિતે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી આંતરરાષ્ટ્રીય સપ્તાહના સંદેશાનું વાંચન કર્યું હતું.

આ પ્રસંગે સહકાર ભારતીના અધ્યક્ષ શ્રી હરિભાઈ પટેલે ઉદ્બોધન પ્રસંગે જણાવેલ કે, ભારતની આઝાદી બાદ આત્મનિર્ભર બનાવવાનું સ્વપ્ન સાકાર કરવામાં સહકાર એક ઉત્તમ માધ્યમ પુરવાર થયું છે. આ પ્રસંગે ઉદબોધન કરતા શ્રી સુરેશભાઈ સી. પટેલે જણાવ્યું કે, આ વર્ષ આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે ત્યારે વિવિધ તાલુકા મથકો પર જુદી

અનુસંધાન પાના નંબર : 2

# જામનગર મુકામે 72મા અખિલ ભારત સહકાર તથા સહકારી ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

સહકારી ક્ષેત્રે કાર્યક્ષમતા, જવાબદારી અને પારદર્શિતા વધારવા માટે ડિજિટલાઈઝેશનને પ્રોત્સાહન આપવું - વિષય પર સેમિનાર

જામનગર : 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી કાર્યક્રમના ભાગ રૂપે તારીખ 14/11/2025ના રોજ જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા સહકાર સપ્તાહ ઉદઘાટન તેમજ ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો.

જામનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી જયંતભાઈ સી. વિરાણી (જે.સી. વિરાણી)ના પ્રમુખસ્થાને યોજવામાં આવેલ.

જામનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી જયંતભાઈ સી.વિરાણીએ સહકારી ધ્વજ ફરકાવી સહકાર સપ્તાહ કાર્યક્રમનું ઉદઘાટન કરતા જણાવેલ કે, દર વર્ષે 14 થી 20 નવેમ્બર દરમિયાન નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા દ્વારા અખિલ ભારત સહકાર સપ્તાહ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણી પાછળનો મુખ્ય હેતુ સહકારી ચળવળની સિદ્ધિઓ અને સાફલ્ય ગાથા અંગે જનજાગૃતિ લાવવાનો અને સહકારી ચળવળને વધુ સુદૃઢ કરવા વધુને વધુ લોકો સહકારી પ્રવૃત્તિથી અવગત થાય તેમનો સામાજિક અને આર્થિક વિકાસ થાય અને સહકારી પ્રવૃત્તિને વધુ મજબૂત બનાવવાનો છે.

આ કાર્યક્રમમાં જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી પ્રજ્ઞેશભાઈ નાકરાણીએ ડિજિટલાઈઝેશન અંગે માર્ગદર્શન આપ્યું હતું.




આ કાર્યક્રમમાં સંઘની સહકારી શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી છગનભાઈ એમ.પટેલ, ઉપપ્રમુખશ્રી પૃથ્વીરાજ એ.ચૌહાણ, માનદમંત્રીશ્રી વશરામભાઈ ચોવટીયા, સંઘના ડાયરેકટરશ્રી તેજુભા જાડેજા, કરમણભાઈ પી.ભીમાણી, જામનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના પ્રમુખશ્રી મગનભાઈ ભેસદડીયા, ઉપપ્રમુખશ્રી પ્રદીપસિંહ જાડેજા, ધી જામનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કના જનરલ મેનેજરશ્રી અલ્પેશભાઈ મોલીયા, જામનગર જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના મેનેજરશ્રી સાકરીયાભાઈ, સહકાર ભારતી, જામનગર જિલ્લા અધ્યક્ષશ્રી રાજેશભાઈ રાઠોડ શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના એમ. ડી. શ્રી રવિન્દ્રભાઈ દુધાગરા તથા અન્ય સહકારી સંસ્થાઓના પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ, કર્મચારીઓ વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# રાજકોટ જિલ્લા સહકારી સંઘ દ્વારા 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ કાર્યક્રમ ઉજવણી

રાજકોટ : રાજકોટ જિલ્લા સહકારી સંઘ દ્વારા 72 મા અખિલ ભારત સહકાર સપ્તાહ કાર્યક્રમ ઉજવણી નિમિતે તારીખ 14/11/2025ના રોજ સહકાર સપ્તાહની ઉજવણી ના ભાગરૂપે સહકાર ધ્વજારોહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. રાજકોટ જિલ્લા સહકારી સંઘના માનદમંત્રીશ્રી મનસુખભાઈ સંખાવાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં રાજકોટ જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટરશ્રી હેમંતસિંહ ટી.જાડેજાના વરદ હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ.




આ કાર્યક્રમમાં રાજકોટ જિલ્લા પ્રકાશન અને મુદ્રાલય સંઘ લિ.ના ચેરમેન શ્રી રવજીભાઈ હીરપરા તથા પ્રેસના કર્મચારીશ્રીઓ, શ્રી મોરબી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિ. (મયુર ડેરી) ના ચેરમેન શ્રી સંગીતાબેન કગથરા તથા શ્રી મયુર ડેરીના કર્મચારીશ્રીઓ, શ્રી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના જનરલ મેનેજર શ્રી વી.એમ. સખીયા તથા આર.ડિ.સી.બેંકના કર્મચારીશ્રીઓ, રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિ.ના કર્મચારીઓ, રાજકોટ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના કર્મચારીઓ, રાજકોટ લોધીકા સહકારી ખરીદ વેચાણ સંઘના કર્મચારીઓ, રાજકોટ જિલ્લા સહકારી સંઘના મહિલા સમિતિ સભ્યો, રાજકોટ જિલ્લા સહકારી સંઘના કર્મચારીઓ તથા ગુજરાત વ્યવસ્થાપન કેન્દ્રના પ્રિન્સિપાલશ્રી, અધ્યાપકો અને સ્ટાફ તથા સેવા મંડળીઓ, શરાફી મંડળીઓ, કર્મચારી મંડળીઓના મંત્રી/ મેનેજરોએ કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે ઉત્સાહભેર સહકારી ધ્વજવંદન અને સહકાર ગીતનું સમૂહમાં ગાન કર્યું હતું. કાર્યક્રમમાં રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક ના જનરલ મેનેજર શ્રી વી.એમ. સખીયાએ દ્વારા સહકારી ક્ષેત્રે કાર્યક્રમની જવાબદારી અને પારદર્શિતા વધારવા માટે ડિજિટલાઈઝેશનને પ્રોત્સાહન આપવા વિષય આધારિત વિસ્તૃત માહિતી પ્રદાન કરી હતી.

અંતમાં રાજકોટ જિલ્લા સહકારી સંઘ ના માનદમંત્રી શ્રી મનસુખભાઈ સંખાવરા દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

ટેકનોલોજી પરંપરાને.... પાના નંબર : 1નું અનુસંધાન

વધુ સારી અને ઝડપી સેવાઓ આપી શકે છે.

શ્રી બંસલે સહકારી સંસ્થાઓને ડિજિટલ નવીનતાને જવાબદારીપૂર્વક અને સહયોગી રીતે અપનાવવા વિનંતી કરી, તે સુનિશ્ચિત કરવા કે ટેકનોલોજી ગ્રામીણ અને શહેરી ભારતમાં સભ્યોને સશક્ત બનાવવામાં એક સેતુ તરીકે કાર્ય કરે, અવરોધ નહીં. આ સત્ર કો-ઓપ કુંભ ૨૦૨૫ના ભાવિ-તૈયાર સહકારી સંસ્થાઓ પરના મુખ્ય ધ્યાનનું આકર્ષણ બન્યું હતું, જે સહકારી ક્ષેત્રના આધુનિકીકરણ તરફના મંત્રાલયના મજબૂત પગલાંને રેખાંકિત કરે છે.

કૃષિ ધિરાણમાં... પાના નંબર : 2નું અનુસંધાન

| | | | |
|---|---|---|---|
| 13. | પંચમહાલ | શ્રી પાનમ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી લિ. | પ્રથમ પ્રભાવક શિલ્ડ |
| | | મુ.પો.સાજિવાવ, (છેડફળિયું) તા.શહેરા, જિ.પંચમહાલ. | અને પ્રશસ્તિપત્ર |
| | | ધી કોમર્શિયલ કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. | દ્વિતીય આકર્ષક શિલ્ડ |
| | | ઠે.સ્ટેશન રોડ, મુ.તા.હાલોલ, જિ.પંચમહાલ. | અને પ્રશસ્તિપત્ર |
| | | ધી વૈજનાથ બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લિ. | તૃતીય શિલ્ડ |
| | | કાછિયાવાડ, મુ.પો.વેજલપુર, તા.કાલોલ, જિ.પંચમહાલ. | અને પ્રશસ્તિપત્ર |
| 14. | રાજકોટ | શ્રી શિવશકિત શરાફી સહકારી મંડળી લિ. | પ્રથમ પ્રભાવક શિલ્ડ |
| | | 410, વાણીયાવાડી, પટેલવાડી રોડ, જલારામ ચોક પાસે, રાજકોટ | અને પ્રશસ્તિપત્ર |
| | | શ્રી ગેલેક્સી ક્રેડિટ કો–ઓપરેટિવ સોસાયટી લિ. | દ્વિતીય આકર્ષક શિલ્ડ |
| | | "ગેલેક્સી ચેમ્બર્સ", જીનપરા મેઈન રોડ, મુ.તા.વાંકાનેર, જિ.મોરબી. | અને પ્રશસ્તિપત્ર |
| | | ઘી મોરબી પીપલ્સ ક્રેડિટ કો–ઓપરેટિવ સોસાયટી લિ. | તૃતીય શિલ્ડ |
| | | શ્રી વલ્લભભાઈ પોપટભાઈ પટેલ સહકાર ભવન, સનારા રોડ, | અને પ્રશસ્તિપત્ર |
| | | કાયાજી પ્લોટ–8, સરદારબાગ પેટ્રોલ પંપ સામે, મુ.તા.જિ.મોરબી | |
| 15. | સુરત | ધી ગુજરાત હાઉસિંગ ઉમરવાડા અર્બન કો–ઓપરેટિવ ક્રેડિટ સોસા.લિ. | પ્રથમ પ્રભાવક શિલ્ડ |
| | | 8/173 થી 176, ગુ.હા.બોર્ડ, બોમ્બે માર્કેટની બાજુમાં, ઉમરવાડા, જિ.સુરત. | અને પ્રશસ્તિપત્ર |
| | | બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. | દ્વિતીય આકર્ષક શિલ્ડ |
| | | "સમુત્કર્ષ ભવન" 6–એ, પરશુરામનગર સ્વામિનારાયણ મંદિર સામે, | અને પ્રશસ્તિપત્ર |
| | | શાસ્ત્રી રોડ, બારડોલી,જિ.સુરત. | |
| | | શ્રી કડોદરા વિભાગ નાગરિક બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લિ. | તૃતીય શિલ્ડ |
| | | "સહકાર ભવન' સાંઈ આશીર્વાદ કોમ્પ્લેક્ષ, મોદી હોસ્પિટલની સામે, | અને પ્રશસ્તિપત્ર |
| | | બારડોલી રોડ,કડોદરા, તા.પલસાણા, જિ.સુરત. | |
| 16. | વડોદરા | શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિ. | પ્રથમ પ્રભાવક શિલ્ડ |
| | | રાયગઢ, બરાનપુર, જિ.વડોદરા. | અને પ્રશસ્તિપત્ર |
| | | બરોડા સિટિઝન કોમ્યુનિટી કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. | દ્વિતીય આકર્ષક શિલ્ડ |
| | | 203/બી, બીજે માળ, આઈવરી ટેરેસ, સર્કિટ હાઉસની સામે, | અને પ્રશસ્તિપત્ર |
| | | અલકાપુરી, જિ.વડોદરા. | |
| | | શ્રી સહજાનંદ કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. | તૃતીય શિલ્ડ |
| | | સહજાનંદ માર્ગ, હાઈસ્કૂલ ગ્રાઉન્ડની બાજુમાં, નવા બજાર, કરજણ, જિ.વડોદરા. | અને પ્રશસ્તિપત્ર |
| 17. | વલસાડ / નવસારી | વાઘરેચ વિભાગ બચત અને ધિરાણ કરનારી સહકારી મં.લિ. | પ્રથમ પ્રભાવક શિલ્ડ |
| | | મુ.પો.વાઘરેચ, તા.ગણદેવી, જિ.નવસારી | અને પ્રશસ્તિપત્ર |
| | | પીપલધરા બચત અને ધિરાણ કરનારી સહકારી મં.લિ. | દ્વિતીય આકર્ષક શિલ્ડ |
| | | મુ.પો.પીપલધરા, તા.ગણદેવી, જિ.નવસારી | અને પ્રશસ્તિપત્ર |
| | | સાગર લક્ષ્મી બેટરલિવિંગ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. | તૃતીય શિલ્ડ |
| | | મુ.પો.મરોલી, તા.ઉમરગામ, જિ.વલસાડ. | અને પ્રશસ્તિપત્ર |

અન્ય જિલ્લાઓએ આ હરિફાઈમાં ભાગ લીધેલ નથી.

વિજેતા "શરાફી સહકારી ધિરાણ મંડળીઓ" (પગારદાર કર્મચારીઓની મંડળીઓ સિવાય) ને તેમના શિલ્ડ અને પ્રમાણપત્રો હવે પછી આપવાની વ્યવસ્થા કરવામાં આવશે.

(ડૉ.રાજેન્દ્ર સી.ત્રિવેદી)
એક્ઝિક્યુટિવ ઓફિસર

આત્મનિર્ભર ભારતના .... પાના નંબર : 1નું અનુસંધાન

આવ્યું હતું.

નાબાર્ડના ચીફ જનરલ મેનેજર શ્રી બી.કે. સિંઘલે સ્વદેશી વસ્તુઓ વાપરવાની સાથે માતૃભાષાને પણ વ્યવહારમાં સ્થાન આપવા અંગે જણાવ્યું હતું. તેમણે સહકારને માત્ર શબ્દ નહીં પણ ભાવના ગણાવી અને મજબૂત ભાવના દ્વારા જ સહકાર સફળતા પ્રાપ્ત કરશે તેમ કહ્યું. તેમણે ગૃહમંત્રી શ્રી અમિત શાહના નિવેદન મુજબ ગુજરાતને સહકારિતામાં પણ રોલ મોડેલ ગણાવ્યું અને અમૂલ, ઈફકો જેવી વિશ્વ સ્તરે મોખરાનું સ્થાન પામેલ સહકારી સંસ્થાઓ અંગે ગૌરવ વ્યક્ત કર્યું હતું.

સમારોહના પ્રમુખ સ્થાનેથી રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ અમીને સહકાર સપ્તાહના વ્યાપની વિશદ રૂપે ચર્ચા કરી જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં તા.14 નવેમ્બર થી 20 નવેમ્બર દરમિયાન અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે,જેનો ઉદ્દેશ્ય સહકારી સંસ્થાઓની વિકાસ ગાથા, સહકારી સંસ્થાઓના પ્રશ્નો અને પડકારો અંગે વિચાર વિમર્શ કરવાનો અને ચિંતન મનન કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાનો તેમજ તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ વધુમાં વધુ લોકો સહકારી પ્રવ્રુત્તિ સાથે જોડાય તેવા પ્રયત્નો કરવાનો છે."

72મા અખિલ ભારત સહકાર સપ્તાહની શુભેચ્છાઓ પાઠવતા તેઓશ્રીએ વધુમાં જણાવ્યું કે,"ભારતને આત્મનિર્ભર બનાવવામાં સહકારી સંસ્થાઓ મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આખા વિશ્વમાં 118 જેટલા દેશો સહકાર સાથે જોડાયેલા છે, આપણાં દેશમાં સહકારી વ્યાપ જોઈએ તો ભારતમાં કુલ 8.5 લાખ સહકારી મંડળીઓ છે, 30 કરોડથી વધુ સભાસદો જોડાયેલા છે.જેમાં ગામડાઓને સો ટકા આવરી લેવામાં આવ્યા છે.અને ગુજરાતમા 89,000 કરતાં વધુ સહકારી મંડળીઓ સાથે 1 કરોડ 70 લાખથી વધુ લોકો સંકળાયેલા છે.

સહકારના મહત્વને જાણી ભારતના લોક લાડીલા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકાર દ્વારા સમૃદ્ધિનું સૂત્ર આપી દેશમા સહકરિતા આંદોલનને વેગ આપવા અને સહકારી સંસ્થાઓના ઉત્થાન માટે સહકાર મંત્રાલયની કમાન શ્રી અમિતભાઈ શાહને સોંપી છે.આ સહકાર મંત્રાલયે સહકાર સે સમૃદ્ધિ નાં વિઝનને સાકાર કરવા,સહકાર આધારિત આર્થિક વિકાસ મોડેલને પ્રોત્સાહન આપવા,દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા અને પાયાના સ્તર સુધી પહોચાડવા માટે નવી રાષ્ટ્રીય નીતિની રચના હાથ ધરી છે.સહકાર મંત્રાલય દ્વારા સહકારી સંસ્થાઓના લાભો છેવાડાનાં માનવી સુધી પહોંચવા અંગે તથા સહકારી મંડળીઓની કામગીરી,ઉત્પાદકતા અને લભપ્રદતાને વધારવા માટે સહકારી મંત્રાલયે દૂરંદેશી યોજનાઓ બનાવી હોવાનું જણાવ્યું હતું.સહકારી પ્રવૃત્તિઓ મજબૂત બને તથા સહકારી સંસ્થાઓ પણ આધુનિક ટેકનોલોજી અપનાવી કામ કરે તેવો અનુરોધ કર્યો હતો.

તેમણે 'સહકાર થી સમૃદ્ધિ' અને 'આત્મ નિર્ભર ભારત' લાવવા માટે સહકારી સંસ્થાઓમાંથી સહકાર પ્રાપ્ત થાય છે તેની વાત મૂકી. તેમણે આખા દેશના સહકારી માળખાને જીવંત બનાવવાની વાતને બિરદાવી અને લોકોને સહકારી પ્રવૃત્તિમાં જોડાઈ આર્થિક ઉપાર્જન થાય તે અંગે વિશેષ માહિતી આપી પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**કાર્યક્રમની સમાપ્તિ અને દ્વિતીય બેઠક :**

સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન ગુજરાત રાજ્ય સહકારી સંઘના શ્રી જયભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ દ્વિતીય બેઠકમાં મોટીવેશનલ સ્પીકર શ્રી મૌલિક પંડ્યાએ વિવિધ કોલેજમાંથી આવેલ અધ્યાપકો સહિત વિદ્યાર્થીઓને જીવન વિકાસમાં જરૂરી ""ભગવતગીતા અનંત યાત્રા" - વિષય અંતર્ગત માર્ગદર્શન આપ્યું હતું.

રાષ્ટ્રીય સ્તરે ટેક્સી ચાલકોના ગૌરવ અને ગ્રાહકોની સુરક્ષા માટે તૈયાર કરાયેલું પ્લેટફોર્મ

# મોબિલિટી સેક્ટરમાં 'સહકારથી સમૃદ્ધિ': ભારતની પ્રથમ સહકારી રાઇડ-હેલિંગ સર્વિસ 'ભારત ટેક્સી'નું દિલ્હીમાં સોફ્ટ લોન્ચ કરવામાં આવ્યું

નવી દિલ્હીઃ મોબિલિટી સેક્ટરમાં ભારતના સહકારી ચળવળ માટે એક પરિવર્તનકારી ક્ષણની શરૂઆત કરતાં, ભારત ટેક્સી (સહકાર ટેક્સી કો-ઓપરેટિવ લિમિટેડ), જે તેના પ્રકારનું પ્રથમ સહકારી-આધારિત રાષ્ટ્રીય રાઇડ-હેલિંગ પ્લેટફોર્મ છે, તેણે દિલ્હી ટ્રાફિક પોલીસના સહયોગથી દિલ્હીમાં પોતાનું




સોફ્ટ લોન્ચ શરૂ કર્યું છે. આ પહેલ લોકોની માલિકીનું, સમાન અને ટકાઉ મોબિલિટી મોડેલ સ્થાપિત કરવાના ધ્યેય સાથે શરૂ કરવામાં આવી છે.

આ સેવા દિલ્હી એરપોર્ટ, ISBTs (આંતર-રાજ્ય બસ ટર્મિનલ) અને મુખ્ય રેલ્વે સ્ટેશનો સહિતના મુખ્ય ટ્રાન્ઝિટ હબમાંથી શરૂ કરવામાં આવી છે, જેને ગ્રાઉન્ડ પર ગ્રાહક સેવા માટે સમર્પિત બુકિંગ બૂથનું સમર્થન પ્રાપ્ત છે. ભારત ટેક્સીનો મુખ્ય ઉદ્દેશ ડ્રાઈવરો, જેને પ્રેમથી 'સારથી' કહેવામાં આવે છે, તેમના માટે ગૌરવ અને યોગ્ય આવક સુનિશ્ચિત કરતી વખતે, મુસાફરોને સલામત, વિશ્વસનીયતા અને પોસાય તેવી રાઇડ્સ પ્રદાન કરવાનો છે. સોફ્ટ લોન્ચ દરમિયાન, પ્લેટફોર્મ સીમલેસ અને ગ્રાહક કેન્દ્રિત અનુભવ પૂરો પાડવા માટે મુસાફરોના પ્રતિભાવો અને તેની ડિજિટલ કામગીરીને વધુ ચોક્કસ બનાવાશે.

સુરક્ષા અને પારદર્શિતાના ભાગરૂપે, દિલ્હી ટ્રાફિક પોલીસ સાથેની ભાગીદારીમાં, ભારત ટેક્સીએ તમામ પ્રીપેઇડ બૂથ સારથીઓને તેની સુરક્ષિત રાઇડ-બુકિંગ એપ્લિકેશન સાથે સંકલિત કરીને ડિજિટાઇઝ કર્યા છે. આ પગલું પારદર્શક ચૂકવણીઓ, પરંપરાગત કાળી-પીળી ટેક્સીઓ માટે રિટર્ન ભાડાના લાભો અને સમાન કમાણીની તકો સુનિશ્ચિત કરે છે.

મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાધાન્ય આપવા માટે ભારત ટેક્સી અને દિલ્હી પોલીસ દ્વારા સંચાલિત એક સંયુક્ત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા રાઇડ્સનું રિયલ ટાઇમમાં નિરીક્ષણ કરવામાં આવશે. જેનાથી ૨૪/૭ સુરક્ષા અને કોઈપણ ઘટના પર તાત્કાલિક પ્રતિસાદ સુનિશ્ચિત થાય છે.

NCDC, IFFCO, GCMMF (અમૂલ), KRIBHCO, NAFED, NABARD, NDDB અને NCEL સહિતની અગ્રણી સહકારી સંસ્થાઓ દ્વારા પ્રોત્સાહિત, સહકાર ટેક્સી કો-ઓપરેટિવ લિમિટેડ સરકારના "સહકારથી સમૃદ્ધિ"ના વિઝન અને ડિજિટલ ઇન્ડિયા મિશનનું પ્રતીક છે. ચકાસાયેલ ડ્રાઈવરો, પારદર્શક સિસ્ટમો અને સહકારી માલિકીના મોડેલ સાથે, ભારત ટેક્સી સલામતી, ટેકનોલોજી અને સમૃદ્ધિના વિસ્તરણ દ્વારા ભારતીય મોબિલિટી ક્ષેત્રને પુનઃ સશક્ત કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

અમૂલ પશ્ચિમ એશિયામાં પોતાનો વ્યાપ વધારવા માટે ઈઝરાયલ સાથે સહયોગ શોધી શકશે

# અમૂલ દ્વારા પશ્ચિમ એશિયામાં વિસ્તરણ; ભારત-ઇઝરાયેલ ભાગીદારીમાં સહકારી ક્ષેત્ર કેન્દ્રસ્થાનેઃ પીયૂષ ગોયલ

ઈઝરાયેલઃ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલની ઈઝરાયેલની ત્રણ દિવસીય મુલાકાતે સહકાર-આધારિત વૃદ્ધિ, ખાસ કરીને કૃષિ, ટેકનોલોજી અને સહકારી ક્ષેત્ર પર એક શક્તિશાળી પ્રકાશ પાડ્યો છે. આ મુલાકાતથી ભારતીય સહકારી સંસ્થાઓ,




## કેન્દ્રીય મંત્રીની મુલાકાતથી એગ્રીટેક, જળ વ્યવસ્થાપન અને કોશર ડેરી માર્કેટમાં સહયોગના નવા માર્ગો ખુલ્યા

ખાસ કરીને અમૂલ જેવી ડેરી જાયન્ટ્સ માટે, એગ્રીટેક, જળ વ્યવસ્થાપન અને સમુદાય-આધારિત ખેતી મોડેલોમાં ઈઝરાયેલના સંશોધકો સાથે સહયોગ કરવા માટેના નવા માર્ગો ખોલ્યા છે.

શ્રી ગોયલની ઈઝરાયેલના કૃષિ અને ખાદ્ય સુરક્ષા મંત્રી સાથેની બેઠક આ પ્રવાસના સૌથી મહત્વપૂર્ણ વિકાસમાંની એક હતી. બેઠકમાં તેમને ઈઝરાયેલના લાંબા ગાળાના ખાદ્ય-સુરક્ષા રોડમેપ, અદ્યતન બીજ-સુધારણા તકનીકો અને કૃષિ માટે પાણી-પુનઃઉપયોગ પ્રણાલીઓમાં દેશના વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત નેતૃત્વ વિશે માહિતી અપાઈ હતી. આ ક્ષેત્રો ભારતના સહકારી ક્ષેત્ર સાથે મજબૂત રીતે જોડાયેલા છે, જે ગ્રામીણ વિકાસ અને ખાદ્ય-સાંકળની સ્થિતિસ્થાપકતામાં કેન્દ્રીય ભૂમિકા ભજવે છે.

ભારતની ડેરી સહકારી સંસ્થાઓ, ખાસ કરીને ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF), જે અમૂલનું માર્કેટિંગ કરે છે, તે પહેલાથી જ પશ્ચિમ એશિયામાં તેમની ફૂટપ્રિન્ટ વધારવા માટે ઈઝરાયેલ સાથે સહયોગની શોધ કરી રહી છે. અમૂલે ઈઝરાયેલના કોશર-પ્રમાણિત ડેરી બજારમાં પ્રવેશ કરવા માટે તીવ્ર રસ દર્શાવ્યો છે, વિકસતા સહકારને વધુ મજબૂત બનાવે છે.

શ્રી ગોયલે પેરેસ સેન્ટર ફોર પીસ એન્ડ ઈનોવેશનની મુલાકાત દરમિયાન, પાણી-કાર્યક્ષમ ટપક-સિંચાઈ પ્રણાલીઓથી લઈને કૃષિ સેન્સર સુધીની ઈઝરાયેલની વિશ્વ-વર્ગની નવીનતા ઈકોસિસ્ટમ વિશે વિગતવાર આંતરદૃષ્ટિ પ્રાપ્ત કરી. તેમણે આ કેન્દ્રને ઈઝરાયેલની પાયાના સ્તરના પડકારોને માપી શકાય તેવા ઉકેલોમાં પરિવર્તિત કરવાની શક્તિના પુરાવા તરીકે વર્ણવ્યું, જે અભિગમ સમુદાય-આધારિત સમસ્યા હલ કરવાની ભારતની સહકારી ફિલસૂફીને પૂરક બનાવે છે.

કિબુત્ઝ રામત રાહેલની મુલાકાતે બંને દેશો વચ્ચેના સમન્વયને વધુ ભારપૂર્વક જણાવ્યું. કિબુત્ઝ મોડેલ, જે સહકારી જીવન અને વહેંચાયેલ આર્થિક પ્રવૃત્તિમાં મૂળ ધરાવે છે, તે ભારતની પોતાની સહકારી પરંપરાઓનું પ્રતિબિંબ છે, જ્યાં સમુદાયની માલિકી અને લોકશાહી નિર્ણય લેવાની પ્રક્રિયા કેન્દ્રમાં રહે છે.

આ મુલાકાતની એક મુખ્ય વિશેષતા ભારત-ઈઝરાયેલ મુક્ત વેપાર કરાર (FTA) માટેની શરતો (Terms of Reference) પર હસ્તાક્ષર હતા. એકવાર પૂર્ણ થયા પછી, FTA સહકારી નિકાસો, ડેરી ઉત્પાદનો, પ્રોસેસ્ડ ફૂડ્સ અને ફાર્મ તકનીકો માટે નવી તકો ખોલવાની અપેક્ષા છે. અમૂલ અને અન્ય સહકારી બ્રાન્ડ્સ ઘટાડેલા બિન-ટેરિફ અવરોધો અને સરળ પ્રમાણપત્ર પ્રક્રિયાઓથી લાભ મેળવી શકે છે. શ્રી ગોયલે નેટાફિમ, IDE ટેક્નોલોજીસ અને ચેક પોઈન્ટ જેવી અગ્રણી ઈઝરાયેલી કંપનીઓ સાથે પણ વાર્તાલાપ કર્યો, જેમાં પ્રિસિઝન ઈરિગેશન, જળ વ્યવસ્થાપન અને સાયબર સુરક્ષામાં ભાગીદારીની શોધ કરી, જે ભારતના સહકારી માળખાને મજબૂત કરવા માટે, ખાસ કરીને ગ્રામીણ ધિરાણ, કૃષિ અને સપ્લાય-ચેઈન વ્યવસ્થાપનમાં, તમામ નિર્ણાયક છે.

# 3,328 સહકારી મંડળીઓની નવી ઈકોસિસ્ટમ : સહકારી મંડળીઓ હવે 'મલ્ટી સર્વિસ હબ'; રેશન, પેટ્રોલ પંપ જેવી સેવાઓ આપશે

ગાંધીનગર : ગુજરાતમાં વિકાસ ફક્ત સ્માર્ટ સિટીમાં સીમિત નથી. હવે ગામડાઓમાં સહકારી મંડળીઓ દ્વારા ઉત્તરોત્તર વધવા લાગ્યો છે. માત્ર ખેડૂતોને ધિરાણ આપતી PACS આજે ખેતર બહારનો વ્યાપાર ચલાવવા માટે પણ સક્ષમ બની રહી છે. રાજ્યમાં આવેલી 10,958 પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓ (PACS) ને કેન્દ્ર સરકારે 'M-PACS' એટલે કે બહુહેતુક PACSમાં પરિવર્તિત કર્યું. તેની સાથે મંડળીઓને ફૂડ પ્રોસેસિંગ, વાજબી ભાવની દુકાન, બેન્કિંગ, કસ્ટમ હાયરિંગ સેન્ટર ઈન્સ્યુરન્સ, કોમન સર્વિસ સેન્ટર અને હવે પેટ્રોલ-ડીઝલ પંપ જેવા ઘણા ક્ષેત્રોમાં આ નીતિનો સીધો પ્રભાવ ગામડાઓમાં દેખાઈ રહ્યો છે. 10,958 PACS પૈકી 3328 મંડળીઓ હવે માત્ર બીજ-ધિરાણ પૂરતી મર્યાદિત નથી; તેઓ ફૂડ પ્રોસેસીંગ હાઉસથી લઈ રેશન શોપ સુધીની સેવાઓ આપે છે.

ગામડાના વિકાસને ટેકો આપવા માટે PACS ને કોમ્પ્યુટરાઈઝ્ડ કરવાનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. 4 હજાર PACS હવે સંપૂર્ણ ડિજિટલ બની ગઈ છે. લોન, રેકોર્ડ ખાતાવહી, વ્યવહાર અને સેવાઓ ઓનલાઈન થઈ રહી છે.

**10 PACS એ પેટ્રોલ, ડીઝલ પંપ માટે અરજી, બેને મંજૂરી :**

કુલ 10 PACS એ પેટ્રોલ પંપ માટે અરજી કરી હતી. જેમાં જામજોધપુર અને નવસારીની ધામણ સેવા સહકારી મંડળીને મંજૂરી મળી છે. ગુજરાત સહકાર વિભાગનું લક્ષ્ય છે કે આગામી 2-3 વર્ષમાં ઓછામાં ઓછાં 25-30 PACS પેટ્રોલ/ડીઝલ અથવા CNG પંપ શરૂ કરે.

પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડૂતોને હિમાયત કરતાં શ્રી અમિતભાઈ શાહ

# દૂધસાગર ડેરી સહકારી સફળતા અને ગ્રામીણ સશક્તિકરણનું 'ઉત્તમ મોડેલ': શ્રી અમિતભાઈ શાહ

મહેસાણા : મહેસાણા ખાતે શ્રી મોતીભાઈ આર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલ (MRCSSS) અને સાગર ઓર્ગેનિક પ્લાન્ટના વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે કર્યું હતું. ગુજરાતની દૂધસાગર ડેરીને દેશની ડેરી ક્રાંતિમાં તેના નોંધપાત્ર યોગદાન બદલ બિરદાવી હતી. અને ડેરીને સહકારી સફળતા અને ગ્રામીણ સશક્તિકરણનું ઉત્તમ મોડેલ ગણાવી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, દૂધસાગર ડેરીની વૃદ્ધિ સહકારી ભાવના અને ખેડૂતોની ભાગીદારીની શક્તિનું જ્વલંત ઉદાહરણ છે.

શ્રી શાહે ડેરીની વિકાસયાત્રા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, ૧૯૬૦માં દૂધસાગર ડેરી દરરોજ માત્ર ૩,૩૦૦ લિટર દૂધ એકઠું કરતી હતી. આજે આ આંકડો વધીને પ્રભાવશાળી ૩૫ લાખ લિટર પ્રતિ દિવસ પર પહોંચી ગયો છે. આ ડેરી હવે ગુજરાતના ૧,૨૫૦ ગામોના પશુપાલકો અને રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં ફેલાયેલા ૧૦ લાખથી વધુ દૂધ ઉત્પાદક જૂથો સાથે જોડાયેલી છે. આ સહકારી સંસ્થા લગભગ ૮,૦૦૦ કરોડ રૂપિયાના ટર્નઓવર સાથે, આઠ આધુનિક ડેરીઓ, બે ચિલિંગ સેન્ટરો, બે પશુ આહાર પ્લાન્ટ અને એક સિમેન્ટ યુનિટનું પણ સફળતાપૂર્વક સંચાલન કરે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "સહકારથી સમૃદ્ધિ"ના વિઝનને સફળ બનાવવા કેન્દ્રીય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, સહકારી ઈકોસિસ્ટમને વિસ્તારવા માટે દેશભરમાં ૭૫,૦૦૦ નવી પ્રાથમિક ડેરી સહકારી સંસ્થાઓની રચના કરવામાં આવી રહી છે. બનાસકાંઠા અને દૂધસાગર ડેરીએ મળીને એક પ્રેરણાદાયી મોડેલ પૂરું પાડ્યું છે કે સહકારી સંસ્થાઓ કેવી રીતે ડેરી અર્થતંત્રમાં પરિવર્તન લાવી શકે છે.

ડેરી ક્ષેત્રમાં સર્ક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન આપવાના પ્રયાસો પર પ્રકાશ પાડતા શ્રી શાહે કહ્યું હતું કે, પશુપાલકોને




## કેન્દ્રીય સહકાર મંત્રીએ MRCSSS અને સાગર ઓર્ગેનિક પ્લાન્ટનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું

સીધો લાભ મળે તે સુનિશ્ચિત કરવા માટે ત્રણ નવી બહુ-રાજ્ય સહકારી મંડળીઓની સ્થાપના કરવામાં આવી છે. તેમણે ખાતરી આપી કે સરકાર સહકારી મંડળીઓ દ્વારા ઉત્પાદિત ૫૦ ટકા દૂધ રાષ્ટ્રીય અને વૈશ્વિક બજારો સુધી પહોંચે તેની ખાતરી કરવા માટે કામ કરી રહી છે, જેનાથી ખેડૂતો માટે આવકના નવા માર્ગો ઊભા થશે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઈ શાહે સાગર ઓર્ગેનિક પ્લાન્ટનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું, જેને તેમણે પ્રાકૃતિક ખેતી અને સ્વસ્થ જીવનને પ્રોત્સાહન આપવા તરફનું એક મોટું પગલું ગણાવ્યું. દરરોજ ૩૦ મેટ્રિક ટનની ક્ષમતા ધરાવતો આ પ્લાન્ટ NPOP અને APEDA હેઠળ પ્રમાણિત છે. શ્રી શાહે કહ્યું કે આ પ્રમાણપત્ર ઉત્તર ગુજરાતના ખેડૂતોને આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રવેશ મેળવવામાં સક્ષમ બનાવશે, જેનાથી તેમની ઓર્ગેનિક પેદાશો માટે અમૂલ બ્રાન્ડ હેઠળ વાજબી ભાવ સુનિશ્ચિત થશે.

શ્રી શાહે સહકારી ચળવળમાં મહિલાઓની ભૂમિકાની વિશેષ પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, અમૂલના ટર્નઓવરનો લગભગ ૭૦ ટકા હિસ્સો મહિલા ડેરી ખેડૂતોના યોગદાનમાંથી આવે છે, જેઓ સહકારી ભાગીદારી દ્વારા આત્મનિર્ભર બની છે.

# સહકારી બેન્કિંગ ક્ષેત્રમાં સ્થિર અને મજબૂત વલણ: ડિપોઝિટ્સ અને ક્રેડિટમાં નોંધપાત્ર વધારો – RBI રિપોર્ટ

## ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ સુધીમાં શિડ્યુલ્ડ સહકારી બેંકોની સ્થિતિ; ફૂડ ક્રેડિટ સ્તરો જાળવી રખાયા

મુંબઈ : રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) દ્વારા તાજેતરમાં ૩૧ ઓક્ટોબર, 2025 સુધીની ભારતમાં શિડ્યુલ્ડ બેંકોની સ્થિતિનું નિવેદન (Scheduled Banks' Statement of Position in India) બહાર પાડવામાં આવ્યું છે. આ નિવેદન સહકારી બેંકિંગ સેગમેન્ટમાં સકારાત્મક અને સ્થિર વલણો દર્શાવે છે.

RBIના આંકડાઓ મુજબ, તમામ શિડ્યુલ્ડ બેંકો હેઠળ, ડિપોઝિટ્સ (બેંકો સિવાયની) 31 ઓક્ટોબર, 2025ના રોજ રૂ. 24,67,712.36 કરોડ હતી, જે 1 નવેમ્બર, 2024 ના રૂ. 22,48,570.79 કરોડની સરખામણીમાં નોંધપાત્ર રીતે વધુ છે. આ વૃદ્ધિમાં શિડ્યુલ્ડ સ્ટેટ કો-ઓપરેટિવ બેંકો અને શિડ્યુલ્ડ પ્રાઈમરી (અર્બન) કો-ઓપરેટિવ બેંકોની ડિપોઝિટ્સનો પણ સમાવેશ થાય છે. આ વધારો સહકારી બેંકોમાં ગ્રાહકોનો વધતો વિશ્વાસ દર્શાવે છે.પખવાડિયાના ડેટા મુજબ, વર્તમાન સમયગાળા દરમિયાન 24 શિડ્યુલ્ડ સ્ટેટ કો-ઓપરેટિવ બેંકો અને 51 શિડ્યુલ્ડ પ્રાઈમરી (અર્બન) કો-ઓપરેટિવ બેંકો કાર્યરત હતી. આ સંસ્થાઓ હેઠળ બેંક ક્રેડિટ – જેમાં સહકારી બેંક ક્રેડિટનો સમાવેશ થાય છે – વધીને રૂ. 1,98,72,897.99 કરોડ નોંધાઈ છે, જે ગયા વર્ષના રૂ. 1,78,73,191.77 કરોડ કરતાં વધુ છે. આ વધારો સહકારી બેંકોની આર્થિક પ્રવૃત્તિઓ અને ધિરાણ વિતરણની સક્રિય ભૂમિકા સૂચવે છે.

વધુમાં, ફૂડ ક્રેડિટ સેગમેન્ટમાં, શિડ્યુલ્ડ કો-ઓપરેટિવ બેંકોની બાકી ફૂડ ક્રેડિટ રૂ. 51,974 કરોડ પર યથાવત રહી છે, જે ખાદ્ય સુરક્ષા અને પુરવઠા શૃંખલાને સહાયક ક્ષેત્રોમાં સહકારી બેંકોના સહયોગી યોગદાનને જાળવી રાખે છે.

એકંદરે, RBI ડેટા સહકારી બેન્કિંગ ક્ષેત્રમાં મજબૂત સ્થિરતા દર્શાવે છે, જેમાં ડિપોઝિટ્સ મજબૂત છે અને ધિરાણ પ્રવૃત્તિઓ સતત ગતિએ આગળ વધી રહી છે.



# બનાસ ડેરીના ચેરમેન તરીકે શ્રી શંકરભાઈ ચૌધરીની સતત ત્રીજી વખત અને વાઈસ ચેરમેન તરીકે શ્રી ભાવાભાઈ રબારીની સતત બીજી વખત વરણી

પાલનપુર : બનાસ ડેરીમાં બોર્ડ ઓફ ડિરેક્ટરોની ચૂંટણી પૂર્ણ થયા બાદ રવિવારે બનાસ ડેરીમાં બોર્ડ ઓફ ડિરેક્ટરોની બેઠક મળી હતી. આ બેઠકમાં નવનિયુક્ત ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુક્તિ કરાઈ છે. જેમાં બનાસ ડેરીના ચેરમેન તરીકે સતત ત્રીજી વખત વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીની નિયુક્તિ કરાઈ છે. તો વાઈસ ચેરમેન તરીકે સતત બીજી વખત ભાવાભાઈ રબારીની નિમણૂક બનાસકાંઠા જિલ્લામાં આવેલી બનાસ ડેરીના નિયામક મંડળની ટર્મ પૂરી થતા નવા નિયામક મંડળ માટે ચૂંટણી યોજાઈ હતી. ત્યારબાદ બનાસ ડેરીના નિયામક મંડળની રચના કરવામાં આવી હતી.




નિયામક મંડળની પ્રથમ બેઠક મળી હતી. તેમાં બનાસ ડેરીના નવા ચેરમેન અને વાઈસ ચેરમેનની નિમણૂક કરાઈ છે. બનાસ ડેરીના ડેરીના નવા ચેરમેન તરીકે સતત ત્રીજી વખત શ્રી શંકરભાઈ ચૌધરી વાઈસ ચેરમેન તરીકે અમીરગઢ બેઠકના ડિરેક્ટરશ્રી ભાવાભાઈ રબારીની સતત બીજી વખત નિમણૂક કરાઈ છે. નવા નિમાયેલા ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી અને વાઈસ ચેરમેનશ્રી ભાવાભાઈ રબારીને શુભકામનાઓ પાઠવી હતી. બનાસ ડેરીના ચેરમેન તરીકે નિયુક્તિ થયા બાદ ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત સરકાર સહિત ભાજપ મોવડી મંડળ અને લાખો પશુપાલકોનો આભાર માન્યો હતો.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 05-12-2025